**Publication: Prabhat** **Date: Wednesday, 4th March, 2015**

**Edition: Ahmedabad**

# ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સનાં નવાં એમડી અને સીઈઓ તરીકે આર. એમ. વિશાખા

બીએફએસઆઈનાં સિનિયર વ્યાવસાયિક આર. એમ. વિશાખા આવતીકાલે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ કંપનીમાં નવાં મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ તરીકે પદભાર સંભાળી લેશે.

વિશાખાને નાણાકીય સેવાઓના ઉદ્યોગમાં ૨૫ વર્ષનો અત્યંત સફળ સિદ્ધ અનુભવ છે. તેઓ છેલ્લા અગ્રણી બેન્કએશ્યોરન્સ પ્રેરિત જીવન વીમા કંપનીમાં સેલ્સ અને માર્કેટિંગનાં ડાયરેક્ટર હતાં. આ પૂર્વે તેઓ ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સમાં ચીફ બિઝનેસ ઓફિસર રહી ચૂક્યાં છે.

વિખાશાની ગત નિયુક્તિઓમાં જાહેર અને ખાનગી કંપનીઓમાં સમૃદ્ધ અનુભવ, સ્ટાર્ટ-અપના ભાગરૂપ વહેલી એડપ્ટર્સમાંથી એક માઠે બેન્કએશ્યોરન્સ ચેનલ સ્થાપવાનો સમાવેશ થાય છે.

વિશાખાએ આ નવી નિયુક્તિ વિશે બોલતાં જણાવ્યું હતું કે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સમાં પાછી આવવાની મને બેહદ ખુશી છે. હું માનું છું કે આ કંપનીમાં ૬૦૦૦ ભાગીદાર બેન્ક શાખાઓના વિતરણ મૂળ અને મજબૂત મલ્ટી ચેનલ વ્યૂહરચના સાથે ભારતભરના ગ્રાહકો સુધી પહોંચવાની ભરપૂર સંભાવના છે. જીવનના તબક્કા અને આવકનાં માળખાંમાં વિવિધ જરૂરતોને પહોંચી વળે તેવી તૈયાર કરાયેલી સમજવામાં સરળ અને આસાન યોજનાઓ સાથે અમે જે પણ કરીએ તેમાં અમારા ગ્રાહકોને પ્રથમ (ફર્સ્ટ) મૂકવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સ આજે ઝડપથી વૃદ્ધિ પામતી જીવન વીમા કંપનીઓમાંની એક છે, જેણે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ રોજ રૂ. ૭૫૦૦ કરોડની એયુએમ સાથે ૨.૭ મિલિયન જીવનને આવરી લીધા છે.

કંપનીએ હાલમાં જ ૧૧-૧૬ વયજૂથના શાળામાં જતા બાળકોમાં નક્કર પરિવર્તન પ્રત્યે કામ કરવાના વલણ અને પરિવર્તન ઘડવા માટે તેમને પોષવાની સામાજિક પહેલ હેપ્પી ઈન્ડિયા જાહેર કરી હતી. આ પહેલ યુવા પરિવર્તન ઘડવૈયાઓની શોધ કરીને પરિવર્તન માટે તેમના વિચારોની અમલબજાવણી કરવામાં તેમને મદદરૂપ થવાનું લક્ષ્ય રખાયું હતું. દેશભરની ૩૦૦ શાળામાંથી આમાં ૧૫,૦૦૦ જેટલા વિદ્યાર્થી (૧૧-૧૬ વયવર્ષ)એ ભાગ લીધો હતો. ઈન્ડિયાફર્સ્ટ પરિવર્તન માટે આવા ૨૫ ઉત્તમ વિચારોને ટેકો આપ્યો છે અને પ્રત્યેકને તે સાકાર કરવા માટે રૂ. ૫૦,૦૦૦ ગ્રાન્ટ આપી છે.